# 'હિમાલયનો પ્રવાસ'માં કાકાસાહેબનું પ્રકૃતિદર્શન

પટેલ જયેશકુમાર નટવરલાલ
(M.A., B.Ed, M.Phil, U.G.C. NET)

મુ. બાજીપુરા, પો. કુવાસણા
તા. વિસનગર, જી. મહેસાણા
પીનકોડ: 384315
MO. 9909527138

જન્મે મરાઠી હોવા છતાં ભારતીય સંસ્કૃતિ અને ગુજરાત તેમજ ગુજરાતી ભાષા-સાહિત્યને વરેલા કાકાસાહેબ કાલેલકરે ગુજરાતી સાહિત્યની એવી અમૂલ્ય સેવા કરી કે ગાંધીજીએ એમને 'સવાઈ ગુજરાતી' કહી નવાજ્યા.

"નિબંધને 'સાહિત્યનું સર્વોત્કૃષ્ટ અને સમર્થરૂપ' કહી ઓળખાવનાર અને 'નિબંધ સાહિત્ય બધી રીતે કળામય સ્વરૂપે જોવા ઉત્સુક કાકાસાહેબ જન્મે મરાઠી પણ ગુજરાતમાં જ વસી, ગુજરાતી ભાષામાં જ સર્જનપ્રવૃતિ આદરી 'સવાઈ ગુજરાતી'નું બિરૂદ મેળવનાર આપણી ભાષાના એક ઉત્કૃષ્ટ કોટિના નિબંધકાર છે."

(પૃ-૬૭ સાહિત્યસ્વરૂપ પરિચય શ્રેણી લલિતનિબંધ - પ્રવીણ દરજી)

કાકાસાહેબે સ્વરાજ્ય પછી પણ બે દાયકા સુધી રાષ્ટ્ર સેવા અને સાહિત્યસેવા કરતા રહ્યા. તેઓ ધર્મ, શિક્ષણ, સંસ્કૃતિ, કલા, સાહિત્યના અભ્યાસી ચિંતક હતા. ગુજરાતી સાહિત્યમાં નિબંધકાર અને પ્રવાસકાર તરીકે તેમણે ઊંચું સ્થાન મેળવ્યું છે.

ગુજરાતીમાં લલિત ગધનિબંધના પ્રથમ અને ઉત્તમ કલાકાર કાકાસાહેબ છે. એમના આ લલિતનિબંધનું મૂળ છે કવિના ચિત્તમાં જન્મતો પ્રકૃતિ સૌદાર્યાનંદ. પ્રકૃતિના ઉષા, રાત્રિ, સંધ્યા, વાદળો, કદંબ, આકાશ, પર્ણો, દીપમાળા, પુષ્પો, તારા, નક્ષત્રો, નિહારિકા, અંધકાર, પ્રકાશ, કાદવ, લીલ એવાં એવાં તત્વોમાં રસ અને સૌંદર્ય જુએ છે. જેમ નિબંધમાં તેમ પ્રવાસસાહિત્યમાં પણ કાકાસાહેબનું પ્રદાન મહામૂલું છે. આમ તો છેક દલપતરામની 'બાપાની પીંપર' અને મહીપતરામ નીલકંઠના 'ઈંગ્લેન્ડના પ્રવાસ' થી પ્રવાસો લખાતા હતા. પણ મહદઅંશે તે માહિતી પ્રચૂર જ હતા. એમાં સર્જકતા સૌ પ્રથમ કાકાસાહેબના પ્રવાસનિબંધમાં જોવા મળે છે.

કુલ ૪૫-પ્રકરણોમાં વિભાજીત આ લેખમાળાની પ્રાસ્તાવિકમાં કાકાસાહેબ લખે છે :- "આ લેખમાળા મૂળે આશ્રમના સાથીઓ અને વિધાર્થીઓને સંતોષવા ખાતર ત્યાંના એક હસ્તલિખિત માસિક માટે શરૂ કરેલી. જે મુસાફરી આમાં વર્ણવેલી છે તેમાં અમે ત્રણ જણ હતા: સ્વામી આનંદ, હું અને અમારા બંનેના આત્મીય મિત્ર અનંતબુવા મરઢેકર. અમારી આ ત્રિપુટીએ હિમાલયના પ્રવાસમાં જે આનંદ અને અનુભવ મેળવ્યો તેનું વર્ણન કરતાં પાર આવે એમ નથી." (પૃ-૧૫ 'હિમાલયનો પ્રવાસ' ની પ્રાસ્તવિકતામાંથી)

કાકસાહેબે 'હિમાલયનો પ્રવાસ', 'બ્રહ્મદેશનો પ્રવાસ', 'ઉગમણો દેશ (જાપાનનો પ્રવાસ)', 'પૂર્વ આફ્રિકામાં' અને 'સર્કરાદ્રીપ મોરેશિયસ' જેવાં પ્રવાસને લગતા ગ્રંથો સ્વ-અનુભવે લખ્યાં છે. એમાં શ્રેષ્ઠ

છે 'હિમાલયનો પ્રવાસ', એટલું જ નહીં, ગુજરાતી પ્રવાસ સાહિત્યનું એ અણમોલ રતન છે, પ્રશિષ્ટ પ્રવાસકૃતિ છે. 'હિમાલયનો પ્રવાસ' તેમણે ૧૯૧૨ માં અનંતબુવા મરઢેકર અને સ્વામી આનંદ જેવા બે મિત્રો સાથે વૈરાગ્ય અને અધ્યાત્મની ભાવનાથી કર્યો હતો. હિમાલય તેમને પિયર જેવો પ્રિય થઈ ગયો હતો. કાકાસાહેબે હિમાલયનું જે સૌદર્ય જોયું અને સાંસ્કૃતિક વૈભવ જોયો તેનું આલેખન એટલે 'હિમાલયનો પ્રવાસ'.

કાકાસાહેબ સાહિત્યકાર, સમાજશાસ્ત્રી, ફિલસૂફ અને પ્રકૃતિના પરમ ઉપાસક છે. કાકાસાહેબને પ્રકૃતિ જડ લાગતી નથી, પરંતુ ચેતનવંતી લાગે છે. નદી, તળાવ, વાદળ, વૃક્ષો, ફૂલ, ચંદ્ર, હિમશિખરો, નક્ષત્રો, પ્રકાશ વગેરે જીવંત પ્રકૃતિના તત્વો સાથે તેમને પુષ્કળ પ્રેમ છે, અને તેમની સાથે તેઓ વાતો પણ કરે છે. સમગ્ર પ્રકૃતિના તત્વોમાં તેમને કાવ્ય જ દેખાય છે. તેમણે પ્રકૃતિનું સૌંદર્ય માણ્યું, તે બધાને તેમની મધુર બાનીમાં વર્ણવ્યું છે, તેમના વર્ણનો કવિત્વમય છે, તે ગધમાં લખાયા છે પણ ગધ કાવ્યો છે.

" 'હિમાલયનો પ્રવાસ' ગુજરાતી સાહિત્યનાં પ્રવાસ પુસ્તકોમાં ઘણી રીતે આગવી ભાત પાડે છે. તેમણે જે પ્રવાસ કર્યો તેનું માત્ર ભૌગોલિક વર્ણન કે પ્રાકૃતિક સૌંદર્યનું આલેખન કરીને તેઓ અટકી ગયા નથી. પ્રત્યેક પ્રવાસસ્થળની ભૂગોળ ઉપરાંત તેનો ઈતિહાસ, ત્યાંના લોકો, તેમની માન્યતાઓ, આદર્શો, સંસ્કારો, રૂઢિઓ, પ્રકૃતિસૌંદર્ય વર્ણન અને ચિંતન ઈ. બાબતો એમાં પ્રવાસ સાથે સંકળાઈ જાય છે. એથી એક કવિની આંખે થતી સૌંદર્યયાત્રા બને છે અને વાંચનાર ભાવકને પણ તેમાં રસતરબોળ કરી દે છે. તેમની સંસ્કારપૂત રસિક દર્ષ્ટિ, નિર્વ્યાજ મનોહર કલ્પનાઓ, ઉત્કટ દેશપ્રેમ-માતૃભૂમિ પ્રત્યેનું મમત્વ, પ્રકૃતિપ્રેમ, સરલશિષ્ટ ભાષા એ બધાને લીધે એ પ્રવાસવર્ણનો હ્રદયના રંગે રંગાઈને પ્રગટ થાય છે માટે જ એને માટે ઉમાશંકર જોશીએ 'કાકાસાહેબની કવિતા' એવો શબ્દપ્રયોગ કર્યો છે."

(પૃ-૩૧૫ અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ - ડૉ. રમેશ.એમ.ત્રિવેદી)

' હિમાલયનો પ્રવાસ'માં શરૂઆતથી અંત સુધી તેમનું આકર્ષક વ્યક્તિત્વ બહુરૂપી નીખરે છે. પ્રકૃતિના તત્વોનો આશરો લઇ જીવનનાં વિવિધ અંગો અને ક્ષેત્રો વિશે ઘણું ચિંતન પણ કાકાસાહેબે કર્યું છે. નદી અને તળાવમાં નહાવું તેમજ હોડીમાં બેસીને પ્રવાસ કરવામાં તેમને ખૂબ જ આનંદ થાય છે. અને આ આનંદની પ્રતીતિ તેમના પ્રવાસ નિબંધના પ્રકૃતિના વર્ણનમાં આપણે અભિભૂત કરી શકીએ છીએ.

કાકાસાહેબનો હિમાલય પ્રત્યેનો પ્રેમ અદ્વિતીય છે. તેમણે હિમાલયનો લગભગ ૨૨૦૦ માઈલનો પગપાળા પ્રવાસ તેના સૌંદર્યથી આકર્ષાઈને કર્યો છે. તે સમય દરમિયાન તેમણે જે કંઈ પણ જોયું તે બધાનું અવલોકન કર્યું છે. રસ્તામાં આવતા પરિચિત વૃક્ષોને તે આલિંગન આપતા, ઝરણાનું પ્રેમ-તૃષાથી પાન કરતા, તે જયારે પણ કંટાળાનો અનુભવ કરતા ત્યારે પ્રકૃતિ પાસે જઈ આનંદ મેળવતા અને પોતાનો કંટાળો-થાક દૂર કરતા. જયારે મૂંઝવણની પરિસ્થિતિ ઊભી થતી ત્યારે તેઓ પ્રકૃતિ પાસે આશ્વાસન મેળવતા. હિમાલયના પ્રવાસ વેળાએ રામગંગાએ તેમને જ્ઞાન તેમજ તારાઓએ તેમની ખિન્નતા દૂર કરેલી એવું કાકાસાહેબ આપણને આ કૃતિમાં જણાવે છે. અલકનંદાને તેમણે ઘણીવાર જોયેલી પરંતુ, એકવાર અલકનંદાની શોભા જોઈને તેઓ મંત્રમુગ્ધ બની ગયેલા.

કાકાસાહેબ સૌંદર્યના પરમ ઉપાસક છે. એમનામ જો સૌંદર્યને માણવાની શક્તિ ન હોત તો તેઓ કદાચ કવિ પણ ન હોત. કાકાસાહેબે પદ્યમાં લખ્યું નથી છતાં સાચા અર્થમાં કવિ છે, આ સૌંદર્યનો તલસાટ તેમને સાચા અર્થમાં કવિ બનાવે છે, અલબત્ત, ગોવર્ધનરામ જેટલું કાવ્યત્વ એમનામાં નથી પણ ગોવર્ધનરામ પછી જે બે-ચાર લેખકોનું ગદ્ય કાવ્યના અંશથી સમૃદ્ધ થયું છે એમાં કાકાસાહેબનું નામ ઉચ્ચકોટિએ છે. એક ઉચ્ચકોટિના કવિને પણ શરમાવે તેવી તેમની ઉપમાઓ તેમને કવિપદના સાચા અધિકારી બનાવે છે. કાકાસાહેબે પ્રકૃતિના તત્વોનું વર્ણન કરવા ઉપમા, ઉત્પ્રેક્ષા, સજીવારોપણ, અતિશયોક્તિ, વર્ણાનુંપ્રાસ જેવા અલંકારોનો પ્રયોગ કરી પ્રકૃતિના તત્વોને એક અનેરી જીવંતતા અર્પી છે.

કાકાસાહેબ પ્રકૃતિના દ્રશ્યનું યથાતથ વર્ણન કરવાને બદલે એ દ્રશ્યમાંથી પોતે કેવા વિચારો મેળવ્યા તેનું વર્ણન કરવામાં જ એમને આનંદની અનુભૂતિ થાય છે. 'હિમાલયનો પ્રવાસ' માં લેખકે પ્રકૃતિના સૌંદર્યમાં વાપરેલ અલંકારો પ્રકૃતિના વર્ણનને મનોરમ્ય બનાવે છે. કેટલાક ઉદાહરણો પર દ્રષ્ટિપાત કરીએ.

**ઉપમા અલંકાર** :-

'ચાર મજૂરના ખભા ઉપર આરામ ખુરશીમાં કોઈ અમીર બેઠો હોય તે જ ગંભીર ભવ્યતાથી પોતાની મહત્તાનું પરિપૂર્ણ ભાન હોય એવી સ્વાભાવિકતાથી એ પહાડ બિરાજેલો હતો.' (પૃ-૫૨), 'આસપાસ ઉપર ખીણમાં ધોળાં ધોળાં વાદળાં આળસુની પેઠે સૂતાં હતાં.' (પૃ-૫૯), 'ઉત્તર તથા નંદાદેવીનું શિખર સૂર્યના તરુણ કિરણોથી સુવર્ણ મંદિરની પેઠે ઝળકતું હતું.'(પૃ-૫૯), 'વેદકાલીન શિખરોની એક મહાસભા બેઠી હોય એવી રીતે અસંખ્ય બરફ-આચ્છાદિત શિખરોની એક મહાપરિષદ અર્ધ વર્તુંલાકારે ગોઠવાઈ હતી.'(પૃ-૧૬૧).

**ઉત્પ્રેક્ષા અલંકાર** :-

'જાણે રંગીન કિનારાનું એક મોટું આસન પાથરીને બેઠો હોઉં એમ જણાતું.' (પૃ-૧૬૯)

**વર્ણાનુંપ્રાસ અલંકાર :-**

'ઝાડનાં ઝુંડની ઝાઝી ઝાડી.'(પૃ-૮૦)

**સજીવારોપણ અલંકાર** :

'નંદાદેવીએ સાંજનું પીત વસ્ત્ર ધારણ કર્યું હતું અને સંધ્યાને આશીર્વાદ દઈ વિદાય કરતી હતી.' (પૃ-૬૩)

'રાત્રે જ્યાં ત્યાં ખીણોમાં વાદળાં સૂતાં હોય છે. આઠ-નવ વાગ્યે બગાસાં ખાતાં ઊઠે.' (પૃ-૧૪૨)

**અતિશયોક્તિ અલંકાર**:-

- 'કુબેરને પણ આશ્રય આપી શકે એવડો એ ધનાઢ્ય છે; અને મોક્ષની સીડી બની શકે એવડો એ ઊંચો છે.' (પૃ-૪૭)

આ બધા અલંકારોમાં કાવ્યોચિત્ત તત્વ રહેલું છે, તેમજ પ્રકૃતિના સૌંદર્યમાં અનેરી જીવંતતા બક્ષે છે. કાકાસાહેબના ઉપમા અને ઉત્પેક્ષા અલંકારો સવિશેષ ધ્યાનાકર્ષ બન્યા છે.

કાકાસાહેબ 'ચલતે રહો'માં માનતા. એથી જ તેમણે લગભગ ૨૨૦૦ માઈલ જેટલો પ્રવાસ કર્યો અને પરમાત્માએ છૂટે હાથે વેરેલા પ્રકૃતિના સૌંદર્યનો આનંદ માણ્યો અને તેનું રસપાન આપણને 'હિમાલયનો પ્રવાસ'માં કરાવ્યું છે. નંદાદેવીનું સૌંદર્ય, ગંગાનું દૃશ્ય, લક્ષ્મણ ઝૂલા આગળનું ગંગાદર્શન, ઉપરકોટિનાં વાદળ, માર્ગમાં આવતાં વૃક્ષોનું દૃશ્ય, હિમાલયના ઊંચા બરફઆચ્છાદિત શિખરો, નિરભ્ર આકાશ તારાઓ, તુંગનાથ ઉપર મેઘધનુષ્ય, પાતાળદેવીનું વર્ણન, કાળી યમુના નદીનું વર્ણન, અલકનંદાની અનેરી શોભાનું વર્ણન, બદરીધામ - કેદારનાથનું વર્ણન આમ વિવિધ દૃશ્યોના સૌંદર્યને પોતાની કલ્પનાના રંગે રંગી ભાવકને ભાવવિભોર કરી મૂક્યા છે. પ્રકૃતિના વર્ણનમાં લેખકની કલમે ભાવકના મનમાં એક ચિત્રાત્મક છાપ છોડી છે. તેઓએ કુદરતનું સૂક્ષ્મ અવલોકન કર્યું છે, તેમજ વિગતોની ઝીણવટ પૂર્વક રજૂઆતથી તાદૃશ તથા આબેહૂબ ચિત્રો ભાવકના મનમાં ઉપસાવી કાઢે છે.

ટૂંકમાં; કુદરતના સૌંદર્યનું આટલું બધું વૈવિધ્ય બીજો કોઈ ગુજરાતી કવિ કે લેખક અત્યાર સુધી દાખવી શક્યો નથી. તેમણે કુદરતે છૂટે હાથે વેરેલ પ્રકૃતિનું દિવ્ય-દર્શન કર્યું અને આપણને પણ પ્રકૃતિદર્શન માણવાનું શીખવ્યું. તેમજ દેશનો આત્મા અને દેશના વિરાટ સ્વરૂપના દર્શન માટે લેખકે યાત્રાને એક અમોઘ સાધના કહી છે.

**<u>સંદર્ભ સૂચિ-</u>**

હિમાલયનો પ્રવાસ' કાકાસાહેબ કાલેલકર – છઠ્ઠી આવૃત્તિ – નવજીવન ટ્રસ્ટ – પૃષ્ઠ – ૨૩૫ કિંમત – ૧૦ રૂપિયા